| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | **૨૦/૦૫/૨૦૨૬** | | |
| રજીસ્ટર તારીખ | **૨૦/૦૫/૨૦૨૬** | | |
| ફેંસલ તારીખ | **૧૨/૦૬/૨૦૨૬** | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | **૦૦** | **૦૦** | **૨૩** |

**આંકઃ–**

## FROM–A

| **રાજકોટ જીલ્લાના ૭ માં એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામઃ જેતપુર.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૧૨/૦૬/૨૦૨૬** |
| સેશન્સ કેસ નંબર | **૧૧/૨૦૨૬** |
| ફરિયાદ પક્ષ | શ્રી સરકાર |
| પોલીસ સ્ટેશન | જેતપુર સિટી પોલીસ સ્ટેશન |
| એ.પી.પી.શ્રી | **કે. એ. પંડયા.** |
| મૂળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી | -- |
| ગુનાની કલમ | ઈ. પી. કોડની કલમ–૩૦૨, ૩૯૪, ૩૪. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૩૧૬/૧૯૯૯. |
| આરોપી પક્ષ | ૧. **વિરેન્દ્ર ઉર્ફે મહેન્દ્ર ઉર્ફે રાજા સ./ઓ. હીરાલાલ ભરતલાલ પટેલ**<br>ઉ.આ.વ. ૪૮, ધંધોઃ મજૂરીકામ,<br>રહે. શંકર મંદીર પાસે, રામ મહોલ્લા,<br>મુકુંદપુર ગામ, થાના–ભરતપુર,<br>જિલ્લોઃ ચિત્રકૂટ, ઉત્તરપ્રદેશ. |
| બચાવપક્ષે વિ. વ. શ્રી | **જે. કે. વ્યાસ.** |

## FROM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૭/૧૦/૧૯૯૯ |
| એફ.આઇ.આર. તારીખ | ૨૮/૧૦/૧૯૯૯ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૦૭/૦૫/૨૦૨૬ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |

| | |
|---|---|
| પુરાવો ચાલુ થયા તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | **૧૨/૦૬/૨૦૨૬** |
| ચુકાદાની તારીખ | **૧૨/૦૬/૨૦૨૬** |
| સજા, હુકમની તારીખ(લાગુ પડે તો) | -- |

**<u>આરોપીની વિગતઃ-</u>**

| ક્રમ નં. | આરોપી નું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર છોડ્યા તારીખ | ગુનો આઇ. પી. સી. કલમ | તકસીર વાન/ નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી. આર. પી.સી. ની. કલમ-૪૨૮ માટે કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| **૧.** | વિરેન્દ્ર ઉર્ફે મહેન્દ્ર ઉર્ફે રાજા સ./ઓ. હીરાલાલ ભરત લાલ પટેલ | ૧૭/૦૪ /૨૦૨૬ | યુ. ટી. પી. | ઈ. પી. કોડની કલમ- ૩૦૨, ૩૯૪, ૩૪. | નિર્દોષ | -- | ૦૧ માસ ૨૬ દિવસ |

## <u>ચૂ કા દો</u>

**(૧)** ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૨૭/૧૦/૧૯૯૯ ના કલાકઃ ૧૯.૦૦ થી તા. ૨૮/૧૦/૧૯૯૯ ના કલાકઃ ૭.૦૦ દરમિયાન કોઈપણ વખતે મોજે ચંદ્રમોલેશ્વર મંદીર સામે, જેતપુર મુકામે આ કામનાં ફરિયાદીના કારખાનામાં કામ કરતાં પગી દેવજીભાઈ હરજીભાઈ ધંધુકીયા, ઉ.વ. ૫૫ વાળાને આરોપી મીતલેશ તથા મહેન્દ્રએ માર મારી, હાથપગ બાંધી, પથ્થર વડે મોઢા ઉપર ઈજા કરી, મોઢે મૂંગો દઈ, મોત નિપજાવી, કારખાનામાંથી રોકડ રૂા. ૬૬૭૦/- તથા હીરો મોટર સાયકલ કિંમત રૂા. ૩૯,૦૦૦/- ની લૂંટ કરી નાસી ગયેલ તે અંગે ફરિયાદીએ

આરોપી વિરૂદ્ધ બનાવ અંગે ધોરણસર થવા માટે ફરિયાદ નોંધાવેલ હતી.

(૨) ઉપરોક્ત બનાવની ફરિયાદ તા. ૨૮/૧૦/૧૯૯૯ નાં રોજ જેતપુર સિટી પો. સ્ટે. ગુ. ર. નં. ફર્સ્ટ ૩૧૬/૧૯૯૯ થી ઈ. પી. કોડની કલમ–૩૦૨, ૩૯૪, ૩૪ મુજબની દાખલ કરવામાં આવેલ. બનાવની ફરિયાદ નોંધાયા બાદ પોલીસે તપાસ દરમિયાન સ્થાનિક જગ્યાનુ પંચનામુ કરેલ, તપાસ દરમિયાન જરૂરી પંચનામાઓ કરવામાં આવેલ, જરૂરી મુદ્દામાલ કબજે લેવામાં આવેલ તેમજ લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધી લઈ સમગ્ર તપાસના અંતે અન્ય આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો મળી આવતાં અન્ય આરોપીઓ સામેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ જેની સામેનો સેશન્સ કેસ ચાલી જઈ ચૂકાદો આવી ગયેલ.

ત્યારબાદ હાલનાં આરોપી મળી આવતાં તેઓની વિરૂદ્ધ ઈ. પી. કોડની કલમ–૩૦૨, ૩૯૪, ૩૪ મુજબનાં શિક્ષાનેપાત્ર ગુનાઓનું પુરવણી ચાર્જશીટ જેતપુરનાં વિ. જ્યુડી. મેજી. ફ. ક. શ્રીની અદાલતમાં દાખલ કરવામાં આવેલ જે ચાર્જશીટ ફોજ. કેસ નં. ૧૦૧૩/૨૦૨૬ થી તા. ૦૭/૦૫/૨૦૨૬ નાં રોજ નોંધવામાં આવેલ, પરંતુ સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત સેશન્સ કોર્ટને હોઈ ત્યારબાદ વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીને ફોજદારી કાર્યરિતી સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૦૭ અનુસાર પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, કલમ–૨૦૯ અનુસાર ફોજદારી કેસનું સમગ્ર રેકર્ડ અને પ્રોસીડીંગ્સ નામ. સેશન્સ અદાલત, જેતપુર તરફ કમીટ કરીને મોકલી આપેલ જે સેશન્સ કેસ નં. ૧૧/૨૦૨૬ થી તા. ૨૦/૦૫/૨૦૨૬ નાં રોજ રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે અત્રેની અદાલત દ્વારાં આરોપી વિરૂદ્ધ તા. ૦૮/૦૬/૨૦૨૬ નાં રોજ ઈ. પી. કોડની કલમ–૩૦૨, ૩૯૪, ૩૪ મુજબનાં શિક્ષાનેપાત્ર ગુનાનું તહોમતનામુ ઘડેલ છે જે પરત્વે આરોપીનું ગુના પરત્વેનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીને ગુનો કબૂલ નથી અને કેસ આગળ ચલાવવાનું જણાવેલ છે તેમજ આરોપીએ સ્વખર્ચે વકીલ રોકેલ છે.

(૪) હાલનાં ગુનાના કામે જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં જે

ફરિયાદ નોંધાયેલ તે ફરિયાદના અનુસંધાને અગાઉ એક આરોપી પકડાયેલ તેનાં વિરૂદ્ધ તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ દાખલ કરેલ અને તે ચાર્જશીટ નીચેની અદાલત દ્વારાં સી.આર.પી.સી. કલમ–૨૦૯ મુજબ કમીટ થઈને આવતાં અત્રેની અદાલતમાં સેશન્સ કેસ નં. ૮/૨૦૨૪ થી નોંધવામાં આવેલ અને સદરહુ સેશન્સ કેસના કામે ફરિયાદપક્ષ તરફે ફરિયાદી તથા અન્ય મહત્વનાં સાહેદો તેમજ સદરહુ ફરિયાદ બાબતે દસ્તાવેજી પુરાવામાં ફરિયાદ તથા અન્ય દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ જે તમામ દસ્તાવેજી પુરાવાઓની આ કામે સર્ટિફાઈડ નકલ રજૂ થયેલ છે જે તમામ ખરી નકલો પુરાવા અધિનિયમની કલમ–૩૨ અને ૩૩ ની જોગવાઈઓ ધ્યાને લઈ હાલના સેશન્સ કેસમાં વંચાણે લેવા માટે આંકે પાડી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**(૫) ફરિયાદપક્ષે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન તેમના કેસના સમર્થનમાં નીચે પ્રમાણેના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.**

## FROM–C

### અ. ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા

| સાહેદ નંબર | સાહેદોના નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| **૧.** | વજુભાઈ મોહનભાઈ સાકરીયા | ૮ | ફરિયાદી. |
| **૨.** | અમરસંગ દેવસંગ પરમાર | ૧૯ | ત. ક. અમલદાર. |

### બ. ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા

| અનુ. નં. | આંક | દસ્તાવેજ |
|---|---|---|
| **૧.** | ૯/સાહેદ નં. ૧ | ફરિયાદ. |
| **૨.** | ૧૦ | ઈન્કવેસ્ટ પંચનામું. |
| **૩.** | ૧૧ | સ્થાનિક જગ્યાનું પંચનામું. |
| **૪.** | ૧૨ | પંચનામું. |
| **૫.** | ૧૩ | અટક પંચનામું. |
| **૬.** | ૧૪ | ડેમોન્સ્ટ્રેશન પંચનામું. |

| | | |
|---|---|---|
| **૭.** | ૧૫ | પી.એમ. કરવા માટેની યાદી. |
| **૮.** | ૧૬ | પી.એમ. કરી મોતનું કારણ જણાવવા અંગેનો રિપોર્ટ. |
| **૯.** | ૧૭ | પી.એમ. રિપોર્ટ. |
| **૧૦.** | ૧૮ | લોહીનાં નમૂનાઓ લેવા અંગેનો પત્ર. |
| **૧૧.** | ૨૦ | મુદ્દામાલ એફ.એસ.એલ. ને મળી ગયાની પહોંચ. |
| **૧૨.** | ૨૧ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગેનો પત્ર. |
| **૧૩.** | ૨૨ | આરોપીની અટક તથા શરીર સ્થિતિનું પંચનામું. |
| **૧૪.** | ૨૩ | સરકારી કર્મચારી પંચ તરીકે ફાળવવા અંગેનો પત્ર. |
| **૧૫.** | ૨૪ | ઓળખ પરેડ કરવા માટે તારીખ અને સમય ફાળવવા અંગેનો પત્ર. |
| **૧૬.** | ૨૫ | ઓળખ પરેડ કરવા માટે તારીખ અને સમય ફાળવ્યા અંગેનો પત્ર. |
| **૧૭.** | ૨૬ | ઓળખ પરેડ અંગેનું પંચનામું. |
| **૧૮.** | ૨૭ | આરોપીની મેડીકલ તપાસણી કરી સર્ટિફિકેટ આપવા લખેલ પત્ર. |
| **૧૯.** | ૨૮ | મેડીકલ સર્ટિફિકેટ. |

(૬) આ કામે વિ. એડી. પી. પી. શ્રીએ કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ આરોપીનું ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરિયાદપક્ષનાં પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓએ કોઈ ગુનો કરેલ ન હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી છે.

(૭) આ કેસમાં વિ. એડી. પી. પી. શ્રી પંડ્યાએ તેમની મૌખિક રજૂઆતોમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ તરફે રજૂ રાખેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમાં લેતાં આ કામનાં આરોપી સામે ગુનો સાબિત માની શકાય તેમ છે તથા ફરિયાદ નોંધાવનાર ફરિયાદી તથા તપાસ કરનારનો પુરાવો માનવાલાયક હોઈ જેથી ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં સફળ રહેલ

હોઈ આરોપીને તકસીરવાન ઠરાવવા વિનંતી કરેલ છે.

(૮) બચાવપક્ષે વિ. વ. શ્રીએ તેઓની મૌખિક રજૂઆતોમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, હાલનાં કામે તપાસવામાં આવેલ ફરિયાદીની જુબાની ધ્યાને લેતાં હાલનાં આરોપી તથા અન્ય આરોપીએ ગુનો આચરેલ હોય તેવી કોઈ હકીકત રજૂ થયેલ ફરિયાદીની જુબાની જોતાં રેકર્ડ ઉપર આવેલ નથી અને તેઓને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલ છે જ્યારે તપાસ કરનાર અમલદાર તે પોલીસ સાહેદ હોઈ રસ ધરાવનાર સાહેદ ગણી શકાય અને તેમનો પુરાવો માત્ર સમર્થનકારક પુરાવા તરીકે ધ્યાને લઈ શકાય તે સંજોગોમાં હાલનાં કામે રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં હાલનાં આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

**(૯) સદર કેસના નિર્ણય માટે મારા નીચે મુજબનાં મુદા નિર્ણીત કરવા જરૂરી બને છે.**

**૧.** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કેસમાં ગુજરનાર દેવજીભાઈ હરજીભાઈ ધંધુકીયાનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ તે ખૂન છે ?

**૨.** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૭/૧૦/૧૯૯૯ ના કલાકઃ ૧૯.૦૦ થી તા. ૨૮/૧૦/૧૯૯૯ ના કલાકઃ ૭.૦૦ દરમિયાન કોઈપણ વખતે મોજે ચંદ્રમોલેશ્વર મંદીર સામે, જેતપુર મુકામે આ કામનાં ફરિયાદીના કારખાનામાં કામ કરતાં પગી દેવજીભાઈ હરજીભાઈ ધંધુકીયા, ઉ.વ. ૫૫ વાળાને તમો આરોપી મહેન્દ્ર તથા અન્ય આરોપી મીતલેશે માર મારી, હાથપગ બાંધી, પથ્થર વડે મોઢા ઉપર ઈજા કરી, મોઢે મૂંગો દઈ, મોત નિપજાવી, કારખાનામાંથી રોકડ રૂા. ૬૬૭૦/- તથા હીરો મોટર સાયકલ કિંમત રૂા. ૩૯,૦૦૦/- ની લૂંટ કરી, નાસી જઈ ઈ. પી. કોડની કલમ-૩૦૨, ૩૯૪ તથા ૩૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

**૩.** શું હુકમ ?

**(૧૦) ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાનાં આધારે અમારા નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.**

**૧.** હકારમાં.

**૨.** નકારમાં.

**૩.** આખરી હુકમ મુજબ.

**(૧૧)** હાલના કામે ફરિયાદપક્ષ દ્વારાં આરોપી વિરૂદ્ધનું તહોમત પુરવાર કરવા જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાની ચર્ચા કરતા પહેલાં સ્થાપિત ચૂકાદાના સિદ્ધાંત લક્ષમાં લેવા જરૂરી છે અને તે સિદ્ધાંતના આધારે ન્યાય કરતી અદાલતે કોઈપણ કેસમાં પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે. એટલુ જ નહીં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરતાં પહેલાં આ કોર્ટ એ પણ નોંધવુ આવશ્યક માને છે કે, કોઈપણ ન્યાય કરતી અદાલત બિન સમાધાનલાયક ગુનામાં પોલીસ ચાર્જશીટ આધારે જયારે કેસનો નિર્ણય કરતી હોય છે ત્યારે કોર્ટે એ ખ્યાલ રાખવાનો હોય છે કે, કોર્ટે માત્ર ભોગ બનનાર અને આરોપી વચ્ચે ન્યાય કરવાનો નથી, પરંતુ સમાજને પણ આ ન્યાયની અસર થતી હોય છે તેથી તે લક્ષમાં લઈ ન્યાય કરવાનો હોય છે. આ તબકકે એ પણ નોંધવું આવશ્યક માનું છું કે, કોઈપણ બનાવનો ભોગબનનાર માટે સૌપ્રથમ સારવાર એજન્સી ઉપર આધાર રાખવો પડે છે. ત્યારબાદ અન્વેષણ એજન્સી ઉપર એટલે કે પોલીસ એજન્સી ઉપર આધાર રાખવો પડે છે અને ત્યારબાદ પ્રોસીકયુશન એજન્સી ઉપર આધાર રાખવો પડે છે. આ એજન્સીઓ પૈકી કોઈપણ એજન્સી ઈરાદા સહીત કે ઈરાદા વગરની કોઈ ભૂલ કરે તો તેનો ભોગ ખરેખર ભોગબનનારને બનવું ન પડે તે પણ પુરાવાનુ મૂલ્યાંકન કરતી વખતે કોર્ટની જોવાની ફરજ છે. **૧૯૯૯(૩), જી.એલ.આર., ૨૬૬૫, અબુભાઈ ફતાભાઈ વિ.સ્ટેટ અદાલત ઓફ ગુજરાતના** ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે નોંધેલ છે કે, કોર્ટ સમક્ષ સાક્ષીઓ પુરાવો આપતા હોય ત્યારે સ્વાભાવિક છે કે, આવા પુરાવામાં લાંબા સમય પછી સામાન્ય વિરોધાભાસ આવવા સંભવ છે અને તેથી કોર્ટે આવા પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે માત્ર એટલું જ જોવાનું છે કે, જે મુજબ ફરિયાદપક્ષનો મુખ્ય કેસ છે તેને સમર્થન મળે છે કે કેમ? અને તે રીતે ફરિયાદપક્ષનાં કેસની મુખ્ય હકીકતને, મુખ્ય વાર્તાને સમર્થન આપતો હોય ત્યારે સામાન્ય વિરોધાભાસ લક્ષમાં લેવા જોઈએ નહી. તે જ રીતે **૧૯૯૮(૧)**

**એસ.સી.સી., ૫૦૯, બાઈતુલ્લા વિ.સ્ટેટ ઓફ યુ.પી.ના** ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે નોંધેલ છે કે, કોઈ સાક્ષી માત્ર રસ ધરાવતો સાહેદ છે તેટલા જ માત્ર કારણથી તેવા સાહેદનો પુરાવો નહીં માનવાને કારણ છે તેવું માની શકાય નહી. તે જ રીતે નામદાર સર્વોચ્ચ અદાલતે **એ.આઈ.આર., ૧૯૮૫, સુપ્રિમ કોર્ટ, ૪૮, સ્ટેટ ઓફ યુ.પી. વિરૂધ્ધ એમ. કે. એન્થોનીનાં** ચૂકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે કોર્ટ સમક્ષ આવતાં સાક્ષીઓનાં પુરાવાનું મૂલ્યાંકન કરતા નોંધેલ છે કે, પ્રમાણિક અને સત્ય બોલતો સાક્ષી પણ કયારેક કોર્ટ સમક્ષ જે મુજબ બનાવ બનેલ હોય તે મુજબ શબ્દશઃ હકીકત જણાવી શકે નહીં કારણ કે, દરેક વ્યક્તિની ઓબ્ઝર્વેશન, યાદ રાખવાની શક્તિ અલગ–અલગ હોય છે. તે ચૂકાદામાં પેરા–૧૦ માં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, કોઈ સાક્ષીનાં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે કોર્ટે માત્ર એકાદ વાક્ય ઉપર આધાર રાખવાનો નથી, પરંતુ સાક્ષીનો પુરાવો એકસાથે વંચાણે લઈ નકકી કરવાનું છે કે તેવા સાહેદનાં પુરાવાથી સત્ય બહાર આવે છે કે કેમ ? અને આવા સાક્ષીનાં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે કોર્ટે સાક્ષીનાં પુરાવામાં આવેલ ઉણપ, કસર, ખામી, ક્ષતિ, ત્રૂટી, નબળાઈ શોધવા પ્રયત્ન કરવાનો નથી. જેમાં પેરા–૧૦ માં નોંધેલ છે કે,

"While appreciating the evidence of a witness, the approach must be whether the evidence of the witness read as a whole appears to have a ring of truth. Once that impression is formed, it is undoubtedly necessary for the court to scrutinize the evidence particularly keeping in view the deficiencies, draw–backs and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence given by the witness and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief. Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper–technical approach by taking sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole. If the court before whom the witness gives evidence had the opportunity to form the opinion about the general tenor of evidence given by the witness, the appellate court which had

not this benefit will have to attach due weight to the appreciation of evidence by the trial court and unless there are reasons weighty and formidable it would not be proper to reject the evidence on the ground of minor variations or infirmities in the matter of trivial details. Even honest and truthful witnesses may differ in some details unrelated to the main incident because power of observation, retention and reproduction differ with individuals. Cross examination is an unequal duel between a rustic and refined lawyer."

**(૧૧.૧)** ફોજદારી ન્યાયશાસ્ત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાનાં જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતા હોય છે સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ન આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદપક્ષ દ્વારાં પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે, દરેક કેસની હકીકતો, પુરાવો, આજુબાજુનાં પરિબળો તે તમામ હકીકતો ભિન્ન–ભિન્ન પ્રકારની હોય છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **૨૦૦૦, સુ.કો.કે. પાના નં. ૨૪૭ (ક્રિમીનલ), સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિ. લેખરાજનાં** ચૂકાદામાં ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરિયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનુ હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકતા ફરિયાદપક્ષનાં સમગ્ર કેસને અસર થતી ન હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે કારણ કે, કયારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી ન બેસે. જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે,

"It is also our experience that invariably the witness add embroidery to prosecution story perhaps for the fear of being disbelieved, but that is not the ground to throw the case erboard, if true in main. If there is ring of truth in the main, the case should not be rejected."

**(૧૧.૨)** નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે, ફરિયાદપક્ષ દ્બારાં રજૂ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મૂલ્યાંકન કરવું જોઈએ માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડિસ્કાર્ડ કરવો જોઈએ નહીં. સાહેદે આપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતનાં પરિબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાઓનું મૂલ્યાંકન કરવું જોઈએ.

**(૧૧.૩)** તે જ રીતે નામદાર સર્વોચ્ચ અદાલતે **૧૯૮૮(૨), જી.એલ.આર., ૮૨૩, આપાભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતનાં** ચૂકાદામાં નોંધેલ છે કે, સમાજમાં આજે લોકો તેમની હાજરીમાં કોઈ ગુનાહીત કૃત્ય બને તો પોતાની જાતને તેનાથી દૂર રાખે છે અને સાક્ષી બનતાં નથી. આ માટે ઘણાં કારણો છે અને તે મુજબ સાક્ષી તરીકે પોતાની સલામતી નથી તેમજ કોર્ટમાં વારંવાર જવું પડે છે, પોલીસ હેરાન કરે છે તેવા બધા ઘણાં કારણોસર સમાજનાં સીવીલાઈઝડ લોકો પણ બનાવ નજરે જોયેલ હોય તેમ છતાં સાક્ષી બનતાં નથી અને કોર્ટે તેથી જ મૌખિક પુરાવાઓનું મૂલ્યાંકન કરતી વખતે આ હકીકત ધ્યાનમાં રાખવી જોઈએ. તે ચુકાદામાં પેરા–૧૧ મા નોંધેલ છે કે,

"Civilized people are generally insensitive when a crime is committed even in their presence. They withdraw both from the victim and the vigilante. They keep themselves away from the court unless it is inevitable. They think that crime like civil dispute is between two individuals or parties and they should not involve themselves. This kind of a pathy of the general public is indeed unfortunate, but it is there everywhere whether in village life, towns or cities. One cannot ignore this handicap with which the investigating agency has to discharge its duties. The Court, therefore, instead of doubting the prosecution case for want of independent witness must consider the spectrum or the prosecution version and then search for the nugget of truth with due regard to probability if any, suggested by the accused. The Court however, must bear in mind that witnesses to a serious crime may not react in a normal manner. Nor do they react uniformly. The horror stricken witness at a dastardly crime or an act of egregious nature may react differently. Their, course of conduct may not be of ordinary type in the normal circumstances. The Court, therefore, cannot reject their evidence merely because they

have behaved or reacted in an unusual manner."

(૧૧.૪) તે જ રીતે **એ.આઈ.આર. ૨૦૦૦, સુપ્રિમ કોર્ટ, ૭૧૮, અંબીકા પ્રસાદ વિ. સ્ટેટ ઓફ દિલ્હીનાં** ચૂકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે સમાજમાં જે રીતે ક્રાઈમ વધી રહેલ છે અને જે રીતે આરોપી શંકાનો લાભ મેળવી છટકી જાય છે તે અંગે નોંધેલ છે કે, સ્વતંત્ર સાહેદો સાક્ષી બનવાનું ટાળે છે, અન્વેષણ અધિકારીને પણ સહકાર આપતાં નથી તે માટેના ઘણા કારણો છે, પરંતુ આવા પુરાવાઓનું મૂલ્યાંકન કરતી વખતે કોર્ટે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે જજની ખુરશીમાં બેસી જજે માત્ર એટલું જ જોવાનું નથી કે કોઈ નિર્દોષ માણસને ખોટી સજા થઈ ન જાય, પરંતુ કોર્ટની એ પણ જોવાની ફરજ છે કે, સાચો તહોમતદાર સજામાંથી છટકી ન જાય જે ચુકાદાનાં પેરા–૧૦ માં નોંધેલ છે કે,

"Further, it is to be borne in mind that a criminal trial is meant for doing justice to the accused, the victim and the society so that law and order is maintained. Hence, as observed by this Court in State of U.P. v/s Anil Singh it is necessary to remember that a Judge does not preside over a criminal trial merely to see that no innocent man is punished. A Judge also presides to see that a guilty man does not escape. One is as important as the other. Both are public duties which the Judge has to perform."

## <u>કા ર ણો</u>

(૧૨) <u>મુદ્દા નં. ૧</u>

આ કેસમાં જયાં સુધી મુદ્દા નં. ૧ નો સવાલ છે ત્યારે મૃતક દેવજીભાઈનું મૃત્યુ એ સાપરાધ મનુષ્યવધ ખૂનનો કિસ્સો છે કે કેમ? તે પુરવાર કરવા સારૂં ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો હાલના કામે ઈન્કવેસ્ટ પંચનામું આંક–૧૦ થી રજૂ છે જે ધ્યાને લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે લાશને સોજા ચડી ગયેલ છે અને મોઢા ઉપર લોહી સુકાઈ ગયેલ જોવામાં આવેલ છે તેમજ મોઢા ઉપર લૂંગીથી મુંગો દીધેલ છે તથા પ્લાસ્ટીકની સુતળી મોઢે બાંધેલ છે તથા બંને પગ પ્લાસ્ટીકની દોરી તથા લુંગીથી બાંધેલ છે તેવી હકીકતો જણાવેલ છે. વધુમાં હાલનાં કામે આંક–૧૭ થી રજૂ પી.એમ. નોટ ધ્યાને લેવામાં આવે તો તેનાં કોલમ નં. ૧૭ માં શબ ઉપરની ઈજાઓની નોંધ કરેલ છે તે ધ્યાને લેતાં

સદરહુ કોલમ નં. ૧૭ માં જણાવેલ ઈજાઓથી મરણ જનારનું મૃત્યુ મગજનાં ભાગે ઈજાઓ થવાથી હેમરેજીક શોકનાં પરિણામે થયેલ હોવાનું જણાવેલ છે. આમ, રજૂ થયેલ ઈન્કવેસ્ટ પંચનામું ધ્યાને લેતાં લાશની સ્થિતિ ધ્યાને લેતાં જે રીતે મરણ જનારને બાંધીને મારવામાં આવેલ છે તે જોતાં અને માથા ઉપર થયેલ ઈજાઓ ધ્યાને લેતાં મરણ જનાર દેવજીભાઈનું મૃત્યુ તે કુદરતી ક્રમાનુસારનું જણાઈ આવતું નથી, પરંતુ સાપરાધ મનુષ્યવધ કે જે ખૂન ગણી શકાય તે પ્રકારનું છે એટલે કે અકુદરતી મૃત્યુ હતું તેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૩) <u>મુદ્દા નં. ૨, ૩</u>

આ કેસમાં જયારે મૃતક દેવજીભાઈનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ કે જે ખૂન ગણી શકાય તેમ છે તે હકીકત ફરિયાદપક્ષ થકી ઉપરોકત મુદ્દા નં. ૧ માં ચર્ચા કર્યા મુજબ પુરવાર થયેલ છે ત્યારે હવે ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાઓથી એ નિર્ણિત કરવાનું છે કે, હાલનાં આરોપી મૃતકનાં ખૂનના ગુના માટે જવાબદાર ઠરે છે ? જે પરત્વે ક્રમશઃ પુરાવાઓનું મૂલ્યાંકન કરીએ તો ફરિયાદપક્ષ દ્ધારાં આરોપી વિરૂદ્ધનું તહોમત સાબિત કરવા માટે નોંધવામાં આવેલ સાક્ષીઓનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં ફરિયાદપક્ષે આ કામે સૌ પ્રથમ આ કેસનાં મુખ્ય કહી શકાય તેવા સાહેદ એટલે કે, ફરિયાદીની જુબાની ધ્યાને લેવી આવશ્યક છે જે ફરિયાદી વજુભાઈ મોહનભાઈ સાકરીયાએ તેમની આંક–૮ ની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, હું જેતપુર ખાતે મારા પરીવાર સાથે રહું છું અને જય ગણેશ નામનું કારખાનું ચલાવુ છું. અમારા કારખાનામાં સને–૧૯૯૯ માં ઘણા બધા પરપ્રાંતીય મજુરો મજુરીકામ કરતા હતા. જે દરમ્યાન તા. ૨૭/૧૦/૧૯૯૯ ના રોજ અમો રાત્રીના ઘરે હતા ત્યારે અમારા કારખાનામાં કામ કરતા મજુરો વચ્ચે કોઈ કારણોસર ઝગડો થતાં મારામારી થયેલી જેમાં એક મજુરનું મોત નિપજેલું અને તે જ દિવસે રાત્રે મારી ઓફીસનુ તાળુ તોળી રોકડ રકમ લઈ ગયેલા હતા. ત્યારબાદ બીજા દિવસે સવારે હું મારા કારખાને ગયેલો ત્યારે મને આ બનાવ વિશેની જાણ થયેલી જેથી મે આ બનાવ અંગે પોલીસમાં ફરીયાદ આપેલી. પોલીસે મારી વિશેષ પુછપરછ કરેલી અને નિવેદન નોંધેલું. હાલ આ બનાવને ઘણો લાંબો સમય થઈ ગયેલ હોય જેથી

મને આ બનાવ વિશે વધારે કોઈ હકીકત યાદ નથી તેમજ આ કામના આરોપીને પણ હું જોયેથી ઓળખી શકું નહી.

સાહેદ ફરિયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો પોતાની જુબાનીમાં જણાવતાં ન હોઈ ફરિયાદપક્ષે સાહેદને ફરી ગયેલાં જાહેર કર્યા બાદ વિ. એ. પી. પી. શ્રી દ્વારાં સાહેદની કરવામાં આવેલ ઊલટ તપાસમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે મે તા. ૨૮/૧૦/૧૯૯૯ ના રોજ જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં અમારા કારખાનામાં બનેલ બનાવ અંગેની તમામ હકીકતોવાળી ફરીયાદ પોલીસને આપેલી અને જેમાં આરોપી તરીકે મીતલેશ તથા મહેન્દ્ર વિરૂદ્ધ ફરિયાદ આપેલ હોવા છતાં આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે મારે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોવાથી ખોટી જુબાની આપુ છું.

બચાવપક્ષે વિ. વ. શ્રી દ્વારાં સાહેદની કરવામાં આવેલ ઊલટ તપાસમાં સાહેદે મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે હું બનાવવાળી જગ્યાએ હાજર ન હોઉ જેથી બનાવ વિશે મને કોઈ અંગત જાત માહિતી નથી. એ વાત ખરી છે કે બનાવમાં શું બનેલ અને કોના કોના વચ્ચે મારામારી થયેલી તેમજ કોણ અમારા કારખાનામાંથી લુંટ કરીને ગયેલ તેની મને આજદિન સુધી ખબર નથી. એ વાત ખરી છે કે પોલીસે કોઈ વ્યક્તિને પકડીને મારી પાસે ઓળખ પરેડ કરાવેલ હોય તેવુ બનેલ નથી.

આમ, હાલનાં સાહેદ કે જેઓ આ કામનાં ફરિયાદી છે અને મુખ્ય કહી શકાય તેવા સાહેદ છે તેઓએ તેમની જુબાનીમાં ફરિયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો જણાવેલ ન હોઈ તેમને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદની તેમની બચાવપક્ષની ઊલટ તપાસમાં પણ તેઓએ બનાવ વિશે કોઈ અંગત જાતમાહિતી ન હોવાનું તેમજ બનાવમાં શું બનેલું તેની તેમને ખબર ન હોવાનું જણાવેલ છે. આમ, હાલનાં સાહેદની જુબાનીથી આ કામનાં આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર મળી આવતી નથી.

**(૧૪)** ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં. ૨ ત. ક. અમલદાર અમરસંગ

દેવસંગ પરમારે તેમની આંક–૧૯ ની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, હું તા. ૧૬/૦૨/૨૦૨૪ થી જેતપુર સિટી પો. સ્ટે. ખાતે પી.આઈ. તરીકે ફરજ બજાવું છું જે દરમિયાન જેતપુર સિટી ફ.ગુ.ર. નં. ૩૧૭/૧૯૯૯, ઈ. પી. કોડની કલમ–૩૦૨, ૩૯૪, ૩૪ વિગેરે મુજબનાં ગુનાના કામે સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસે સદરહુ ગુનાના કામનાં આરોપી ઉત્તમકુમાર ઉર્ફે મીતલેશ ગયાપ્રસાદ ભારગયા પટેલ, રહે. ઉત્તરપ્રદેશનાઓને બે પંચો રૂબરૂ પંચનામાંની વિગતે અટક કરી અમોને સોંપતા અમોએ પંચો રૂબરૂ ફરિયાદીને સાથે રાખી આરોપીને બતાવતું પંચનામું કરેલું. ફરિયાદી તથા બનાવ સમયના પંચોનાં નિવેદનો તેઓનાં લખાવ્યા મુજબનાં લખી લઈ આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરવા જેટલો પૂરતો પુરાવો પડતો હોઈ જેથી નામદાર કોર્ટમાં આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરેલું.

વધુમાં સાહેદે જણાવેલ છે કે, હાલનાં કામે પકડવા પર બાકી રહેલ આરોપી મહેન્દ્ર ઉર્ફે વિરેન્દ્ર હરીલાલ પટેલનાઓને રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. પો. હે. કો. શ્રી એમ. એમ. વરૂએ અટક કરી અમોને સોંપતા અમોએ બે સરકારી પંચો બોલાવી પંચનામું કરેલ તેમજ મામલતદારશ્રીને ઓળખ પરેડ માટે રિપોર્ટ આપેલ અને મામલતદારશ્રી દ્વારાં આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ અને આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો હોઈ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

આમ, હાલનાં સાહેદ તે તપાસ કરનાર અમલદાર છે અને તેઓએ તેમની ફરજનાં ભાગરૂપે કરવાની થતી કાર્યવાહી કરેલ છે અને તપાસ દરમિયાન કરેલ કામગીરીનો વિગતવારનો પુરાવો આપેલ છે, પરંતુ જ્યારે ખુદ ફરિયાદીએ જ ફરિયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ નથી અને ફરી ગયેલ જાહેર થયેલ છે ત્યારે આ સાહેદે ગુનાની તપાસ કરેલાનો પુરાવો આપેલ છે તે પુરાવો આરોપીને ગુના સાથે સાંકળવા માટે સ્વતંત્ર રીતે પૂરતો જણાતો નથી. વધુમાં પોલીસ અધિકારીનો પુરાવો માત્ર સમર્થનકર્તા ગણાય અને તેના આધારે કેસના પરિણામમાં ફરક પડે નહીં. આ હકીકત ધ્યાને રાખતાં આ કેસમાં પણ પોલીસ ઓફીસરનાં પુરાવાનું કોઈ ખાસ મહત્વ રહેતું નથી તેમ માનવામાં આવે છે.

**(૧૫)** આમ, ફરિયાદીની ફરિયાદ તેમજ ફરિયાદી તથા તપાસ કરનાર અમલદારની જુબાની તેમજ હાલનાં કામે રજૂ થયેલ તેમજ રજૂ થયેલ પંચનામાંઓ વિગેરે ધ્યાને લેવામાં આવે તો હાલનાં કામે મરણ જનારનું મૃત્યુ તે કુદરતનાં સામાન્ય ક્રમમાં થયેલ મૃત્યુ ગણી શકાય તેવું નથી અને સાપરાધ મનુષ્યવધ હોવાનું રજૂ થયેલ પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ છે, પરંતુ હાલનાં કામે રજૂ થયેલ ઊપરોક્ત ફરિયાદી તથા તપાસ કરનારનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો રજૂ થયેલ પુરાવાથી હાલનાં આરોપી તથા અગાઉ પકડાયેલ આરોપી ઉત્તમકુમાર ઉર્ફે મીતલેશ ગયાપ્રસાદ દ્વારાં મરહૂમને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મોત નિપજાવેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં હાલનાં કામે રજૂ પંચનામાં ધ્યાને લેતાં લૂંટમાં ગયેલ રોકડ રકમ રૂા. ૬૬૭૦/– તથા હીરો મોટર સાયકલ પણ હાલનાં ગુનાનાં કોઈપણ આરોપી પાસેથી રિકવર થયેલ હોય તેવી હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, હાલનાં કામે મુદ્દામાલની રિકવરી ડિસ્કવરીથી પણ આરોપી સામેનો ફરિયાદપક્ષનો કેસ રેકર્ડ ઉપર સાબિત થતો નથી. વધુમાં હાલનાં કામે ખુદ ફરિયાદીએ જ તેમની જુબાનીમાં બનાવ અંગે તેઓને કોઈ જાતમાહિતી ન હોવાની હકીકતો જણાવેલ હોઈ અને બનાવમાં શું બનેલું તેનો તેમને ખ્યાલ ન હોવાનું જણાવેલ હોઈ તેમને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલ છે અને જેથી તા. ૨૭/૧૦/૧૯૯૯ ના કલાકઃ ૧૯.૦૦ થી તા. ૨૮/૧૦/૧૯૯૯ ના કલાકઃ ૭.૦૦ દરમિયાન કોઈપણ વખતે મોજે ચંદ્રમોલેશ્વર મંદીર સામે, જેતપુર મુકામે આ કામનાં ફરિયાદીના કારખાનામાં કામ કરતાં પગી દેવજીભાઈ હરજીભાઈ ધંધુકીયા, ઉ.વ. ૫૫ વાળાને તમો આરોપી મીતલેશ તથા મહેન્દ્રએ માર મારી, હાથપગ બાંધી, પથ્થર વડે મોઢા ઉપર ઈજા કરી, મોઢે મૂંગો દઈ, મોત નિપજાવી, કારખાનામાંથી રોકડ રૂા. ૬૬૭૦/– તથા હીરો મોટર સાયકલ કિંમત રૂા. ૩૯,૦૦૦/– ની લૂંટ કરી, નાસી જઈ ઈ. પી. કોડની કલમ–૩૦૨, ૩૯૪ તથા ૩૪ મુજબનો ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલા હોઈ જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય હકારમાં તથા મુદ્દા નં. ૨ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં. ૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

(૧) આ કામનાં આરોપી **વિરેન્દ્ર ઉર્ફે મહેન્દ્ર ઉર્ફે રાજા સ./ઓ. હીરાલાલ ભરતલાલ પટેલને** જેતપુર સિટી પો. સ્ટે. ગુ. ર. નં. ફર્સ્ટ ૩૧૬/૧૯૯૯, ઈ. પી. કોડની કલમ–૩૦૨, ૩૯૪, ૩૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે પુરાવાઓનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૪૩૭(એ)ની જોગવાઈ મુજબ **રૂા. ૨૦,૦૦૦/–(અંકે રૂપિયા વીસ હજાર પુરા)** નાં જાતમુચરકા તથા તેટલી જ રકમનાં જામીન આજરોજ હુકમ તારીખથી ૬(છ) માસના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલનાં કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો જ્યારે કિંમતી મુદ્દામાલ તેની માલિકીની ખરાઈ કરી પરત કરવો અને જો અગાઉ વચગાળાના હુકમથી પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ આથી શરતો બાદ કરી કાયમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપી હાલ જયુડીશિયલ કસ્ટડીમાં હોઈ આરોપીની આ ગુના સિવાય અન્ય કોઈ ગુનાના કામે જરૂરિયાત ન હોય તો તાત્કાલિક જેલમુકત કરવાનો આદેશ કરવામાં આવે છે તે અંગે સબંધિત જેલરશ્રીને આ હુકમની ચાદી કરવી.

આ હુકમ આજરોજ **તા. ૧૨, માહે–જૂન, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૧૨/૦૬/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(**Code No**.**GJ**00727)